બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૧૦૦

# ઉકેલપત્ર : સત્સંગ પ્રારંભ

(સમય : સવારે ૯ થી ૧૨) (રવિવાર, ૨ માર્ચ, ૨૦૧૪)

નોંધ :- (૧) આપેલ આવૃત્તિ પ્રમાણેના પુસ્તકના જવાબ જ માન્ય રાખવા. તે સિવાયની આવૃત્તિના જવાબ માન્ય ન રાખવા.
(૨) જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.
(૩) જમણી બાજુએ પ્રશ્નની બાજુમાં કૌંસમાં આપેલા અંકો જે તે પ્રશ્નના જવાબના પાઠ/પાના નંબર દર્શાવે છે.

## ☞ અગત્યની સૂચના ☜

પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ | ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '0' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ - પ્રશ્ન શરૂ થાય તે પહેલાં જ કરવી.

## ☞ વિશેષ નોંધ ☜

આપ જ્યારે પેપર તપાસો ત્યારે જ્યારે લાંબા જવાબોમાં દા. ત. ટૂંકનોંધ, પાંચ મુદ્દાના વાક્યો, કારણો વગેરે પ્રશ્નોમાં આપ જ્યારે ફાળવેલા ગુણ કરતાં ઓછા ગુણ આપતાં હોવ ત્યારે પરીક્ષાર્થીએ કયો મુદ્દો નથી લખ્યો જેના તમે ગુણ કાપ્યા છે. તેની તમે ટૂંકમાં ડાબી બાજુ ઉપર નોંધ લખો. દા.ત. માર્ચ-૨૦૧૩માં પ્રવેશ-૧ માં 'જોબનપગીનું પરિવર્તન' ટૂંકનોંધ પૂછાઈ હતી. જેમાં જોબનપગી પ્રાર્થના કરતાં પોતાના દોષનું વર્ણન કરતાં કહે છે. 'પ્રભુ ! હું કુળહીન, કુટિલ, કુપાત્ર, બુદ્ધિહીન છું. મેં આપને ન ઓળખ્યા. દીનબંધુ ! દયા કરો. મારું મહાપાપ મટાડો.' આ મુદ્દો પરીક્ષાર્થીએ નથી લખ્યો તો બાજુમાં તમે લખી શકો કે 'પોતાના દોષ કહે છે.' આટલું જ લખવાનું છે અને તમે ગુણ ઓછા આપી શકો છો એટલે કે ફાળવેલ ગુણ કરતાં ઓછા ગુણ આપતાં પહેલાં બાજુમાં કયો મુદ્દો નથી તેની ટૂંકમાં નોંધ લખવી જરૂરી છે.

### (વિભાગ - ૧ ઘનશ્યામ ચરિત્ર, પચીસમી આવૃત્તિ - ફેબ્રુઆરી, ૨૦૧૩)

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

☞ નોંધ :- કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.

૧. ''તમને કોણ બોલાવે છે ? અમે તો ભગવાનને જગાડીએ છીએ.'' (૩૫/૬૩) ➩ બંને માસીઓ - ઘનશ્યામને

➩ બંને માસીઓ સવારે દળવા બેઠા ત્યારે તુલસીદાસનું પ્રભાતિયું 'ઊઠો લાલ પ્રભાત ભયા હૈ' ગાવાનું શરૂ કર્યું ત્યારે કહે છે. ઘનશ્યામે કહ્યું : 'હું તો જાગું છું. મને શા માટે ઊઠવાનું કહો છો ? ત્યારે બંને માસી કહે છે.

૨. ''હવેથી અમે અમારી તાકાતનું અભિમાન નહિ કરીએ.'' (૨૧/૩૫) ➩ ત્રણે મલ્લો - ઘનશ્યામને

➩ રાજાએ ત્રણે હારી ગયેલા મલ્લોને ઘનશ્યામની માફી માગવાનો હુકમ કર્યો. તેથી ત્રણે મલ્લો માફી માગતાં કહે છે.

૩. ''ઘનશ્યામને બોલાવી આવો.'' (૧૯/૨૯) ➩ ભક્તિમાતા - રામપ્રતાપભાઈને

➩ એક દિવસ ઘનશ્યામ બપોરે જમવા આવ્યા નહિ. તેથી ભક્તિમાતાએ રામપ્રતાપભાઈને કહ્યું.

**પ્ર.૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)**

☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહિ.

૧. ઘનશ્યામે કયા દિવસે ગૃહત્યાગ કર્યો ? (સંવત, માસ, તિથિ) (૪૬/૮૧)

જ. ઘનશ્યામે સંવત ૧૮૪૯ના અષાઢ સુદ દશમને દિવસે ગૃહત્યાગ કર્યો.

૨. મીન સરોવરને કિનારે શાનું વૃક્ષ હતું ? (૧૩/૧૯)

જ. મીન સરોવરને કિનારે વડનું વૃક્ષ હતું.

૩. ખાંપા તળાવડીએ ઘનશ્યામને પાટો કોણે બાંધ્યો ? (૨૩/૩૯)

જ. ખાંપા તળાવડીએ ઘનશ્યામને દેવોના વૈદ્ય અશ્વિનીકુમારે પાટો બાંધ્યો.

૪. વાડીમાં ચોર શું લેવા આવ્યા હતા ? (૩૯/૬૯)

જ. વાડીમાં ચોર ફણસ લેવા આવ્યા હતા.

**પ્ર.૩ નીચે આપેલાં ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો. (કુલ ગુણ : ૪)**

☞ નોંધ :- સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.

૧. **પ્રભુનું નામ પાડ્યું :** તમારો આ પુત્ર પૃથ્વી પર ધર્મનું સ્થાપન કરશે. તમારાં અને લોકોનાં દુઃખોનો નાશ કરશે. (૪/૭)

૨. **ઘનશ્યામે હિંસા બંધ કરાવી :** રાજાની આ પ્રાર્થના સાંભળીને ઘનશ્યામને દયા આવી. તેમણે તરત જ પીપળાનું ઝાડ સ્થિર કરી દીધું. (૨૫/૪૫)

૩. **પુત્રની પરીક્ષા :** તેમણે ભક્તિમાતા પાસે બાજોઠ મંગાવ્યો. બાજોઠ પર રેશમી વસ્ત્ર પાથર્યું. (૫/૭)

૪. **રામચંદ્રરૂપે દર્શન :** પાણીમાં ઊંડે બેઠેલા ઘનશ્યામને થયું : માતા-પિતા ચિંતા કરે છે માટે હવે મારે પાણી ઉપર આવવું જોઈએ. (૩૩/૬૧)

**પ્ર.૪ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગના ફક્ત મુખ્ય પાંચ મુદ્દા (વાક્યના સ્વરૂપમાં) લખો. (વર્ણન કરવાનું નથી) (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- આ પ્રમાણે જ વાક્ય લખ્યાં હોય તેવું જરૂરી નથી. પરીક્ષાર્થીઓએ પોતાની રીતે મુખ્ય પાંચ વાક્યો લખ્યાં હોય અને પ્રસંગ પૂર્ણ થતો હોય તો ગુણ આપવા જ.**

**૧. બધી રસોઈ જમી ગયા. (૩૬/૬૪-૬૬)**

૧. રામનવમીના પારણાં કરાવવા ભક્તિમાતા અને સુવાસિની ભાભીએ રસોઈ બનાવી.

૨. ભક્તિમાતાએ ઠાકોરજીને થાળ કર્યો ત્યારે ઘનશ્યામે કહ્યું 'મને ભૂખ લાગી છે.'

૩. ભક્તિમાતાએ થાળી પીરસીને ઘનશ્યામને જમવા બેસાડ્યા ત્યારે ઘનશ્યામ તો બનાવેલી બધી જ રસોઈ જમી ગયા.

૪ ભક્તિમાતાએ ધર્મપિતાને કહ્યું : 'ઘનશ્યામ આટલા બધા માણસની રસોઈ જમી ગયા છે માટે ફરીથી બજારમાં જઈને દાળ, ચોખા, લોટ, શાક, ઘી, ગોળ બધું જ લઈ આવો.'

૫. આ સાંભળીને ઘનશ્યામે ભક્તિમાતાને રસોડામાં લઈ જઈને બધાં જ વાસણો પહેલાંની જેમ ભરેલાં બતાવતા ભક્તિમાતા ઘનશ્યામને ભેટી પડ્યા અને ધર્મપિતા રાજી થયા.

**૨. આંધળાને દેખતો કર્યો (૪૧/૭૩-૭૫)**

૧. ઘનશ્યામ વિદ્યાકુંડના મંદિરે દર્શન કરવા ગયા ત્યારે વ્રજવિહારી નામના અંધ બ્રાહ્મણને આખું રામાયણ અને મહાભારત મોઢે હોવાથી તે મંદિરમાં રામાયણની કથા કરતો હતો.

૨. રામકથામાં રામના ચૌદ વર્ષના વનવાસની વાત આવતાં ઘનશ્યામને પણ વનમાં જઈને તપ કરવાનો વિચાર આવતાં તેમણે કથામાં વૈરાગ્ય સંબંધી પ્રશ્નો પૂછતાં વ્રજવિહારીએ જવાબ આપવાનો ઈન્કાર કર્યો.

૩. ઘનશ્યામ ઉદાસ થઈને મંદિરની બહાર ઓટલા પર જઈને બેઠા. આ જોઈ બધા ભક્તોએ બ્રાહ્મણને સમજાવ્યો કે 'ઘનશ્યામ બહુ ચમત્કારી છે, એ તો ભગવાન છે માટે તેમને ઉદાસ ન કરશો.

૪. વ્રજવિહારીને પોતાની ભૂલ સમજાતાં ઘનશ્યામની માફી માગતાં કહ્યું : 'હું ભગવાનની પૂજા કરીશ, ભજન કરીશ, કથા કરીશ માટે મને દેખતો કરો.

૫. ઘનશ્યામને દયા આવતાં તેને માથે હાથ મૂકતાં તે અંધ બ્રાહ્મણ દેખતો થયો અને બીજા ભક્તોને ઘનશ્યામમાં રામચંદ્ર ભગવાનના દર્શન થયાં.

**૩. લક્ષ્મીબાઈને ચમત્કાર (૩૦/૫૩-૫૫)**

૧. ઘનશ્યામે બાળમિત્રો સાથે વેણીરામને ઘેર જઈ શીકામાંથી હાંડલી ઉતારીને માખણ ખાઈને ઉજાણી કરી.

૨. વેણીરામની માતા લક્ષ્મીબાઈએ આ જોયું અને ભક્તિમાતાને ફરિયાદ કરી.

૩. ભક્તિમાતાએ લક્ષ્મીબાઈને કહ્યું : 'મારો ઘનશ્યામ ક્યારેય ચોરી કરે નહિ અને તમે ઘનશ્યામને ચોરી કરતાં પકડો તો હાથ-પગ બાંધીને મને બોલાવીને બતાવશો તો હું સાચું માનીશ.

૪. એક દિવસ લક્ષ્મીબાઈએ પોતાના ઘરમાં ઘનશ્યામ અને વેણીરામ દહીં ખાતા જોતાંની સાથે ઘનશ્યામને પકડી બાંધીને ભક્તિમાતા અને આજુબાજુના સૌને બોલાવી લાવી.

૫. ભક્તિમાતા, લક્ષ્મીબાઈ અને આજુબાજુના સૌએ જોયું કે ઘનશ્યામની જગ્યાએ તો વેણીરામ બંધાયેલો છે અને લક્ષ્મીબાઈને પ્રતીતિ થઈ કે ઘનશ્યામ ભગવાન છે.

**પ્ર.૫ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. ફક્ત તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**૧.** ૧ (૨૧/૩૩)　**૨.** ૨, ૪ (૪૭/૮૩)　**૩.** ૩, ૪ (૧૭/૨૬)　**૪.** ૧, ૩ (૨૦/૩૧-૩૨)

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. કૃત્યાઓ ધર્મદેવનું ઘર શોધવા લાગી. (૨/૩)

જ. કાલિદત્ત નામના રાક્ષસને ખબર પડી કે ધર્મદેવને ઘેર પ્રભુ પ્રગટ થયા છે. તેથી તેણે કૃત્યાઓને હુકમ કર્યો કે 'જાઓ ધર્મદેવને ઘેર જઈ બાળપ્રભુને મારી નાખો.' એટલે કૃત્યાઓ છપૈયામાં આવીને ધર્મદેવનું ઘર શોધવા લાગી.

૨. સુવાસિનીભાભી ઘનશ્યામનું બોખું મોઢું જોઈ ગભરાઈ ગયા. (૨૭/૪૭)

જ. ઘનશ્યામે સુવાસિનીભાભીને કહ્યું : 'દાઢ બહુ દુઃખે છે, માટે જે જે દાઢો હલતી હોય તે બધી ખેંચી કાઢો તો પીડા ઓછી થાય. ઘનશ્યામે પોતાની દૈવી શક્તિથી બધા જ દાંત ઢીલા કરી નાખ્યા અને એક પછી એક બધાય દાંત ખેંચાવી કાઢ્યા. તેથી સુવાસિનીભાભી ઘનશ્યામનું બોખું મોઢું જોઈ ગભરાઈ ગયાં.

૩. મહાવત ઘનશ્યામને પગે પડી ગયો. (૨૬/૪૬)

જ. ઘનશ્યામે હાથીનો ક્રોધ દૂર કરીને મહાવતને હાથીની સૂંઢમાંથી છોડાવ્યો. તેથી મહાવતે ઘનશ્યામને પગે પડીને કહ્યું : 'આજે તમે હાથીનો ક્રોધ દૂર કર્યો ન હોત, મને બચાવ્યો ન હોત તો હું મરી જાત. આપ ભગવાન છો. હવેથી હું ખોરાકની ચોરી નહિ કરું.

**(વિભાગ - ૨ યોગીજી મહારાજ, અઢારમી આવૃત્તિ - એપ્રિલ, ૨૦૧૧)**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ : - કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ''અક્ષરપુરુષોત્તમની ઉપાસના જગતભરમાં પ્રવર્તાવવી છે.'' (૨૭/૩૯)

➩ યોગીજી મહારાજ - યુવકને

➩ સાધુ થવા ઈચ્છતા યુવકને યોગીજી મહારાજ તેમને સાધુ કરીને શું કરાવવા માગે છે. તે પત્ર દ્વારા જણાવતાં કહે છે.

૨. ''તમે મારા અંતરની ઈચ્છા આજે પૂરી કરી.'' (૯/૧૩)

➩ ઝીણા ભગત - જાગા સ્વામીને

➩ સ્વામી જાગા ભક્ત કેવા મહાન હશે ? એ જ વિચારમાં સૂઈ ગયેલા ઝીણા ભગતને સ્વપ્નમાં જાગા ભક્તના દર્શન થાય છે. ત્યારે તેમને દંડવત્ કરતાં કહે છે.

૩. ''દયાળુ ! આપ ભાવનગર પધારો તો અમને સૌને સત્સંગનું સુખ મળે.'' (૧૯/૨૭)

➩ કુબેરભાઈ - શાસ્ત્રીજી મહારાજને

➩ જળઝીલણી એકાદશીના સમૈયામાં ભાવનગરથી આવેલા કુબેરભાઈ શાસ્ત્રીજી મહારાજને વિનંતી કરતાં કહે છે.

**પ્ર.૮ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહિ.**

૧. રોજ સવારે ઝીણાભાઈ નાહવા અને ધ્યાન કરવા ક્યાં જતા ? (૨/૨)

જ. રોજ સવારે ઝીણાભાઈ નાહવા અને ધ્યાન કરવા પાતાળિયા ઝરે જતા.

૨. તપસ્વી ઝીણા ભગતે કયા ઉત્સવે ઉપવાસ કર્યો ? (૧૨/૧૬)

જ. તપસ્વી ઝીણા ભગતે અન્નકૂટના ઉત્સવે ઉપવાસ કર્યો.

૩. ઝીણા ભગતનું શાસ્ત્રીજી મહારાજ સાથે પ્રથમ મિલન ક્યારે થયું ? (સંવત, માસ, તિથિ) (૧૦/૧૫)

જ. ઝીણા ભગતનું શાસ્ત્રીજી મહારાજ સાથે પ્રથમ મિલન સંવત ૧૯૬૬ના શ્રાવણ સુદ ૭ના દિવસે થયું.

૪. ગઢડામાં મૂર્તિ પ્રતિષ્ઠાના સમૈયામાં હરિભક્તોને કઈ પ્રતીતિ થઈ ? (૨૪/૩૫)

જ. ગઢડામાં મૂર્તિ પ્રતિષ્ઠાના સમૈયામાં હરિભક્તોને 'શાસ્ત્રીજી મહારાજ સત્સંગમાં સદાય પ્રગટ છે' તેવી સૌને પ્રતીતિ થઈ.

**પ્ર.૯ નીચે આપેલ વિષય માટે સૂચના મુજબ છ સાચા ક્રમ નંબર તથા તે સાચા ક્રમ નંબરને ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો. (કુલ ગુણ : ૬)**

**વિષય : યુવક મંડળો અને સત્સંગ સભા (૨૫/૩૫-૩૬)**

**સૂચના : (૧) ફક્ત સાચા નંબરોમાં તમામ છ નંબરો સાચા હશે તો જ ૩ ગુણ મળશે. (૨) યથાર્થ ઘટનાક્રમ પણ સંપૂર્ણ સાચો હશે તો જ ૩ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **(૧) ફક્ત સાચા નંબરો** | ૧ | ૩ | ૪ | ૭ | ૯ | ૧૨ |
| **(૨) યથાર્થ ઘટનાક્રમ** | ૧૨ | ૯ | ૭ | ૧ | ૩ | ૪ |

**નોંધ : (૧) ફક્ત સાચા નંબરોઃ જવાબમાં આપેલ અંક કોઈપણ ક્રમમાં લખેલ હોય પણ તમામ અંક સાચા હોય તો જ સંપૂર્ણ ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવો. (૨) યથાર્થ ઘટનાક્રમઃ ઘટનાક્રમ ઉકેલપત્ર પ્રમાણે હોય તો જ સંપૂર્ણ સાચું ગણી ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવો.**

**પ્ર.૧૦** 'સર્પદંશ' (૨૧/૩૦-૩૨) **- પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

ગોંડલમાં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની દેરી ઉપર શાસ્ત્રીજી મહારાજે મંદિર બાંધવાની શરૂઆત કરી. યોગીજી મહારાજ પણ સાથે હતા. ત્યારે યોગીજી મહારાજ અક્ષર દેરીની સેવા કરતા. અક્ષર દેરીમાં ચરણારવિંદની પૂજા કરે, આરતી કરે, થાળ ધરાવે, મહાપૂજા કરે. મંદિરનું કામ ચાલતું હતું. તે સમયે યોગીજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ ને બીજા સંતો સાથે ઝૂંપડા જેવા

ગારમાટીના ઘરમાં રહેતા. એક વખત મધરાતે સૂતેલા યોગીજી મહારાજને ડાબા હાથની પહેલી આંગળીએ કાળો નાગ કરડ્યો. આંગળીમાંથી લોહીની ધારા નીકળવા લાગી. નાગ બહુ ઝેરી હોવાથી આખા શરીરમાં સખત પીડા થવા લાગી. યોગીજી મહારાજ કાંઈ બોલે નહિ. 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' બોલતાં બોલતાં તેમની આંખો બંધ થઈ ગઈ. કોઈ વૈદ્યને તો કોઈ ડૉક્ટરને બોલાવવાનું કહેવા લાગ્યા. પણ શાસ્ત્રીજી મહારાજે કહ્યું : યોગીજી મહારાજને અક્ષર દેરીમાં સુવડાવીને 'સ્વામિનારાયણ' નામની ધૂન કરો. સ્વામિનારાયણ નામથી કાળા નાગનું ઝેર પણ ઊતરી જશે. બરાબર બાર કલાકે ઝેર ઊતરી ગયું. યોગીજી મહારાજે આંખો ઉઘાડી શાસ્ત્રીજી મહારાજને વંદન કર્યા. તે વખતે સરકારી ડૉક્ટર તો આ દૃશ્ય જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા અને શાસ્ત્રીજી મહારાજના પગમાં પડી ગયા. અક્ષર દેરીનો પ્રતાપ જોઈને ગોંડળના મહારાજા અને સૌ અમલદારો નવાઈ પામી ગયા.

**પ્ર.૧૧ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. યોગીજી મહારાજનું જીવન સૌને સેવાભાવી થવાનું સૂચવે છે. (૧૬/૨૨, ૨૪)

જ. યોગીજી મહારાજ રોજ સવારે વહેલા ઊઠીને ત્રણસો રોટલા ઘડતા, કૂવામાંથી સૌને નાહવાનું, પીવાનું અને રસોઈનું પાણી સીંચીંને ભરતા. જમવાનું પીરસીને સૌને જમાડી છેલ્લે જમતા અને મોટાં-મોટાં વાસણો મોડે સુધી ઊટકતા. આ જોતાં તેમનું જીવન આપણને સેવાભાવી થવાનું શીખવે છે.

૨. નારાયણસ્વરૂપદાસજી 'પ્રમુખસ્વામી' ના નામે ઓળખાતા થયા. (૩૩/૫૦)

જ. સંવત ૨૦૦૬માં અમદાવાદમાં શાસ્ત્રીજી મહારાજે શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીને સંસ્થાના પ્રમુખપદે નિમણૂક કરીને ચાદર ઓઢાડી અને સૌ હરિભક્તોને નારાયણસ્વરૂપદાસજીની આજ્ઞામાં રહેવાની આજ્ઞા કરી. ત્યારથી નારાયણસ્વરૂપદાસજી 'પ્રમુખસ્વામી' ના નામે ઓળખાતા થયા.

૩. સૌ હરિભક્તો અને અંગ્રેજ ડૉક્ટર એસ્પિનોલ આશ્ચર્યચકિત થઈ ગયા. (૨૩/૩૪)

જ. સારણગાંઠના ઑપરેશન બાદ ભાનમાં આવેલા યોગીજી મહારાજે પાસે બેઠેલા હરિભક્તને પૂછ્યું : 'શાસ્ત્રીજી મહારાજને દૂધ પાયું ?' આ સાંભળી સૌ હરિભક્તો અને અંગ્રેજ ડૉક્ટર એસ્પિનોલ તો આશ્ચર્યચકિત થઈ ગયા. તેમને થયું કે 'આ સાધુ કાંઈ બેભાન ન હતા. આ યોગીપુરુષ તો દિવ્ય સમાધિમાં હોવા જોઈએ, તો જ જાગ્રત થતાં જ ગુરુજીને સંભારે !'

**(વિભાગ - ૩ કિશોર સત્સંગ પ્રારંભ, અઢારમી આવૃત્તિ - જાન્યુઆરી, ૨૦૧૨)**

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબના ગુણ આપવા નહિ.**

૧. શ્રીજીમહારાજ બીબીને ક્યાં લઈ ગયા ? (૧૪/૨૬)

જ. શ્રીજીમહારાજ બીબીને અક્ષરધામમાં લઈ ગયા.

૨. શાસ્ત્રીજી મહારાજનો જન્મ ક્યારે થયો ? (સંવત, માસ, તિથિ) (૧૭/૩૮)

જ. શાસ્ત્રીજી મહારાજનો જન્મ સંવત ૧૯૨૧, મહા સુદ ૫ (વસંતપંચમી)ને દિવસે થયો.

૩. કયા રાજા રાજ્યનું ઘણું કામ કરવા છતાં જાતે જ કલાકો સુધી ભગવાનની પૂજા કરતા હતા ? (૫/૮)

જ. અંબરીષ રાજા રાજ્યનું ઘણું કામ કરવા છતાં જાતે જ કલાકો સુધી ભગવાનની પૂજા કરતા હતા.

૪. જંગલમાં જતાં કોને વાઘ સામો મળ્યો ? (૮/૧૪)

જ. જંગલમાં જતાં અખંડાનંદ સ્વામીને વાઘ સામો મળ્યો.

**પ્ર.૧૩ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✓) નિશાની કરો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. ફક્ત તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ૨, ૪ (૨૦/૪૫)  ૨. ૨ (૧૭/૩૯)  ૩. ૧, ૪ (૧૫/૨૯)  ૪. ૩, ૪ (૧૧/૨૦-૨૧)

**પ્ર.૧૪ નીચે આપેલાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૪)**

૧. વ્રજના ગોપ, ભક્તિ (૧૩/૨૫)  ૨. કૃપાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામી (૧૯/૪૨)

૩. પ્રભુદાસ, સાકર (૨૦/૪૫)  ૪. વરતાલ (૪/૭)

**પ્ર.૧૫ નીચે આપેલા કીર્તન / અષ્ટક / શ્લોકની ખૂટતી કડીઓ પૂરી કરો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- કીર્તન / અષ્ટક / શ્લોક અડધા સાચા હોય તો એક (૧) ગુણ આપવો.**

૧. આગચ્છ ! ભગવન્ દેવ ! સ્વસ્થાનાત્ પરમેશ્વર । અહં પૂજાં કરિષ્યામિ સદા ત્વં સન્મુખો ભવ ॥ (૫/૯)

૨. ગળ્યા સાટા ઘેબર ફૂલવડી, દૂધપાક માલપૂઆ કઢી, પૂરી પોચી થઈ છે ઘીમાં ચઢી ...
અથાણાં શાક સુંદર ભાજી, લાવી હું તરત કરી તાજી, દહીં ભાત સાકર છે ઝાઝી. (૧૨/૨૩)

૩. શ્રી હરિ જય જય જય જયકારી ....(૨) અક્ષરધામના ધામી તમે છો,
પુરુષોત્તમ પરબ્રહ્મ હરિ છો, ભક્તજનોના ભવભય હારિ (૩/૪)

૪. શ્રીમન્નિર્ગુણ-મૂર્તિ સુંદર તનૂ, જે જ્ઞાનવાર્તા કથે, જે સર્વજ્ઞ, સમસ્ત સાધુગુણ છે, માયા થકી મુક્ત છે;
સર્વૈશ્વર્યથી પૂર્ણ, આશ્રિતજનોના દોષ ટાળે સદા, એવા પ્રાગજી ભક્તરાજ ગુરુને, પ્રેમે નમું સર્વદા. (૯/૧૭)

**પ્ર.૧૬** ''કેટલાકને મન.....'' (૧૬/૩૬-૩૮) - **'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ કરો. (પંદરેક લીટીમાં) (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- સ્વામીની વાત પૂરી લખી હોય તો - ૧ ગુણ, નિરુપણના - ૪ ગુણ.**

**''કેટલાકને મન રમાડે છે ને કેટલાક મનને રમાડે છે. આ વાત નિત્યે વિચારવા જેવી છે.''**

આપણો સૌથી મોટો શત્રુ આપણું મન છે. મન આપણને ભક્તિ, સેવા કરવા દેતું નથી. પણ કેટલાક માણસો મનને પણ રમાડે એવા હોય છે. મન કહે તેમ ન કરે. ગઢડામાં એક કોળીનો છોકરો હતો. તેના બાપે ખેતરમાં ચીભડાં વાવ્યાં હતાં. છોકરાએ નક્કી કર્યું કે ચીભડાં પાકે ત્યારે પહેલું ચીભડું મહારાજને ધરાવવું. ચીભડાં પાક્યાં ત્યારે તે ચીભડું લઈ મહારાજ પાસે જતો હતો. પાકા ચીભડાની સુગંધથી તેનું મન લલચાઈ ગયું. તેને થયું કે આવું સરસ ચીભડું તો હું જ ખાઈ જાઉં. પછી વળી મનને મારી આગળ ચાલ્યો. થોડી વારે વિચાર આવ્યો કે 'મહારાજને તો ઘણા માણસો મોટી મોટી ભેટ આપે એમાં મારું ચીભડું કાંઈ પસંદ નહિ પડે, માટે ખાઈ જ જાઉં.' પણ વળી મનને કહ્યું : 'ના, ના, મહારાજને આપવાનો વિચાર કર્યો તેથી મહારાજને જ આપવું.' આમ, મન સાથે લડાઈ લેતો લેતો દાદાખાચરના દરબારમાં આવી પહોંચ્યો. મહારાજે તેને બોલાવી ચીભડું માગ્યું. પોતે થોડું જમ્યા ને સૌને પ્રસાદી આપી. મનને જીતીને આવ્યો તેથી મહારાજ તે છોકરા પર બહુ રાજી થયા ને તેને દસ શેર સાકર ભેટ આપવા કોઠારીને કહ્યું. તે સભામાં એક વાણિયો બેઠો હતો. તેણે વિચાર કર્યો કે 'આણે એક ચીભડું મહારાજને આપ્યું તો મહારાજે દસ શેર સાકર આપી, તો હું આખું ગાડું ભરીને ચીભડાં મહારાજને આપું તો મને કેટલી બધી સાકર આપશે ?' બીજે દહાડે તે તો ગાડું ભરીને ચીભડાં લઈ આવ્યો. મહારાજ કહે : આ ચીભડાં પેલી નદીમાં નાખો, માછલાં ખાઈ જશે.' વાણિયો કહે : 'મહારાજ ! આમ કેમ ? કાલે તો તમે પેલાને એક ચીભડામાં દસ શેર સાકર આપી હતી ને હું તો ગાડું ભરીને લાવ્યો છું.' મહારાજ કહે : 'તે તો મન સાથે લડાઈ કરીને મનને જીતીને લાવ્યો હતો, તેથી આપી હતી. ને તમે તો સાકર લેવાના વિચારથી લાવ્યા છો, તેથી ન મળે.' મન સાથે લડાઈ કરીને ભજન કરીએ, મન ખોટું કામ કરવાનું કહે તો તેને ના પાડીએ, તો ભગવાન બહુ રાજી થાય.'

**પ્ર.૧૭** 'શૂરવીર બાલભક્ત' (૬/૧૦-૧૧) - **પ્રસંગના ફક્ત મુખ્ય પાંચ મુદા (વાક્યના સ્વરૂપમાં) લખો. (સળંગ વર્ણન કરવાનું નથી) (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- આ પ્રમાણે જ વાક્ય લખ્યાં હોય તેવું જરૂરી નથી. પરીક્ષાર્થીઓએ પોતાની રીતે મુખ્ય પાંચ વાક્યો લખ્યાં હોય અને પ્રસંગ પૂર્ણ થતો હોય તો ગુણ આપવા જ.**

૧. સંતોના સંગથી જામનગર તાબાના એક ગામમાં ખેડૂતનો એક છોકરો પણ વર્તમાન ધરાવી સત્સંગી થયો. આ બાલભક્ત રોજ ભજન, ભક્તિ અને પૂજા કરે.

૨. તેના બાપા સત્સંગી ન હોવાથી તેને ધમકાવે, મારે ને સત્સંગ છોડી દેવાનું કહે તો પણ છોકરો ભક્તિમાંથી ડગે નહિ.

૩. એક દિવસ ગાડાના જોતરે છોકરાને બાંધી સ્વામિનારાયણની કંઠી મૂકી દેવાનું કહ્યું તો પણ છોકરાએ નામ ને કંઠી ન મૂક્યાં.

૪. બાપાએ ગાડું ઉલાળ્યું છોકરો મરી ગયો. મહારાજે છોકરાને સાચો ભક્ત અને તેના બાપને હિરણ્યકશિપુ જેવો કહ્યો.

૫. આપણે પણ ગમે તેવા દુઃખ આવે ભગવાન આપણી રક્ષા કરે કે ન કરે તો પણ ભગવાનની ભક્તિ ને કંઠી મૂકવી નહિ, સાચા ભક્ત થવું.

❑ ❑ ❑